RNI NO-GUJGUJ/2020/79359

E-mail- prajapankh@gmail.com

# પ્રજાપંખ

પ્રજા પંખ
સત્યમેવ જયતે

પ્રજાપંખ- ન્યુઝ પેપર મેળવવા
www.prajapankh.com
99980 61470
93747 20143
ઉપર ના નંબર પર સંપર્ક કરો

PRAJA PANKH (GUJARATI WEEKLY- SURAT)

EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR

ગુજરાતી સાપ્તાહિક- સુરત

વર્ષ-૦૭ અંક- ૦૪ (સુરત) તા.૨૭/૧૦/૨૦૨૬ મંગળવાર તંત્રી- મિતલકુમાર પ્રકાશભાઈ ભાવસાર, પાના-૦૪ કિંમત ૧/- રૂ. ૯૯૯૮૦ ૬૧૪૭૦

YEAR-07, ISSUE-04 SURAT DATE-27/10/2026 TUESDAY, SURAT. EDITOR-MITALKUMAR PRAKASHBHAI BHAVSAR PAGE- 04, RS- 01/- ONLY. Mo-99980 61470

2 ધોનીએ આઈપીએલ માં ભવિષ્ય અંગે મૌન તોડ્યું, કહ્યું - હું વિન્ટેજ ગાડી જેવો, ડિસેમ્બરમાં નિર્ણય લઈશ

2 ૫૦૦ થી વધુ ફિલ્મોના ડેટા લીકથી ખળભળાટ, સેન્સર બોર્ડની સુરક્ષામાં મોટું ગાબડું

3 અમદાવાદમાં એક તરફ પાણી કાપ અને બીજી તરફ શુદ્ધ પાણીનો વેડફાટ

3 સુરતના કામરેજમાં ૧૨૫ કરોડના ઇસ્કોન મંદિરનો શિલાન્યાસ

## દીપકેનું કરિયર ખતમ, પીસ બોન્ડ પર સહી ન કરનારી નેહા બોરા પ્રત્યે માન છે.., સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કંડેય કાત્જુએ 'કોકરોચ જનતા પાર્ટી'ના ૪ નેતાઓએ પીસ બોન્ડ પર સહી કરવા બદલ આકરા પ્રહારો કર્યા છે. તેમણે દાવો કર્યો કે આ નિર્ણયથી નેતાઓનું રાજકીય કરિયર ખતમ થઈ ગયું છે. બીજી તરફ, તેમણે 'આઈસા' નેતા નેહા બોરાના સાહસની પ્રશંસા કરી, જેમણે પીસ બોન્ડ પર સહી કરવાનો ઇનકાર કર્યો હતો. કાત્જુએ કહ્યું કે નેહા પ્રત્યે મને માન છે.

સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ માર્કંડેય કાત્જુએ 'કોકરોચ જનતા પાર્ટી'ના ચાર નેતાઓ દ્વારા પીસ બોન્ડ પર સહી કરવા સામે આકરા પ્રહારો કરતા દાવો કર્યો છે કે તેનાથી આ નેતાઓનું કરિયર હંમેશા માટે પૂરું થઈ ગયું છે. બીજી તરફ, તેમણે પીસ બોન્ડ પર સહી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરનાર 'આઈસા'ની વિદ્યાર્થી નેતા નેહા બોરાના સાહસની પ્રશંસા કરી છે અને કહ્યું છે કે, 'નેહા બોરા પ્રત્યે માન છે.

માર્કંડેય કાત્જુએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું છે કે, 'કોકરોચ જનતા પાર્ટીના ચાર ટોચના નેતાઓ - અભિજિત દીપકે, સૌરભ દાસ, આશુતોષ રાંકા અને અજિંક્ય શિંદે - એ પીસ બોન્ડ પર સહી કરી દીધી છે. આનો અર્થ એ થાય કે તેઓ હવે કોઈપણ જાહેર વિરોધ પ્રદર્શનમાં ભાગ લઈ શકશે નહીં, કારણ કે જો તેઓ ભાગ લેશે તો પોલીસ



શાંતિ ભંગ કરવાના આરોપસર તેમની ધરપકડ કરીને લાંબા સમય માટે જેલમાં મોકલી દેશે. આ બોન્ડ પર સહી કરવાથી જનતાની નજરમાં તેમની તમામ ક્રેડિબિલિટી (વિશ્વસનીયતા) સમાપ્ત થઈ ગઈ છે, કારણ કે હવે જનતા તેમને જેલ જવાથી ડરતા કાયર માની રહી છે.'

કાત્જુએ આઈસા નેતા નેહા બોરાના વખાણ કરતા જણાવ્યું હતું કે, 'હું માત્ર નેહા બોરાની ઇજ્જત કરું છું, જેમણે પીસ બોન્ડ આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે, કારણ કે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરવો તેમનો બંધારણીય અધિકાર છે.' કાત્જુએ અભિજિત દીપકે અને અન્ય ત્રણ નેતાઓને 'ગેંગ ઓફ ફોર' ગણાવ્યા હતા અને કટાક્ષ કરતા એક દોહો પણ ટાંક્યો હતો કે, 'જબ પડી માર શમશીરન કી તો મહારાજ મૈ નાઈ હૂં.'

ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં એક વિશેષ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ સમક્ષ સીજીપી નેતા સૌરભ દાસ અને આશુતોષ રાંકાએ શાંતિ ભંગ ન કરવા અને જંતર-મંતર પર વિરોધ પ્રદર્શનનું આહ્વાન ન કરવા અંગેનું સોગંદનામું આપ્યું હતું. બંનેને ૫૦-૫૦ હજાર રૂપિયાના અંગત બોન્ડ અને જામીનદાર રજૂ કરવાનો આદેશ અપાયો હતો. આ બોન્ડ ભર્યા બાદ એસીપી રિતુ રાજના આદેશથી બંને નેતાઓને તિહાડ જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

## પૂર્વાંચલ એક્સપ્રેસ વે પર રાહુલ ગાંધીના કાફલાની ગાડીઓનો અકસ્માત, સદનસીબે જાનહાનિ ટળી



લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના કાફલાને ઉત્તર પ્રદેશના સુલતાનપુરમાં પૂર્વાંચલ એક્સપ્રેસવે પર અકસ્માત નડ્યો હતો. કાફલાની પાછળની ગાડીઓ એકબીજા સાથે અથડાઈ હતી. હલિયાપુર નજીક ૮૯.૫ કિલોમીટર માઈલસ્ટોન પર આ ઘટના બની હતી. રાહુલ ગાંધી માનહાનિ કેસમાં સુલતાનપુર કોર્ટમાં હાજર થવા જઈ રહ્યા હતા. સદનસીબે, રાહુલ ગાંધી સંપૂર્ણપણે સુરક્ષિત છે. હાલ વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

ઉત્તર પ્રદેશના સુલતાનપુરમાં પૂર્વાંચલ એક્સપ્રેસવે પર લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના કાફલા સાથે એક અકસ્માત સર્જાયો છે. કાફલાની પાછળ ચાલી રહેલી ગાડીઓ અચાનક એકબીજા સાથે અથડાઈ ગઈ હતી. જોકે, આ ઘટનામાં રાહુલ ગાંધી સંપૂર્ણપણે સુરક્ષિત હોવાના અહેવાલ પ્રાપ્ત થયા છે.

મળતી માહિતી મુજબ, આ અકસ્માત એક્સપ્રેસવે પર હલિયાપુર નજીક ૮૯.૫ કિલોમીટર માઈલસ્ટોન પર બન્યો હતો. રાહુલ ગાંધીના કાફલાની પાછળ ઝડપથી આવી રહેલા વાહનો વચ્ચે આ ટક્કર થઈ હતી. ટક્કર બાદ ઘટનાસ્થળે ક્ષણભર માટે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, આ ઘટનામાં કોઈને ગંભીર ઈજા થઈ છે કે નહીં તેમજ અકસ્માતનું અસલી કારણ શું હતું તે અંગે વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી આજે સવારે ૭ વાગ્યે પોતાના દિલ્હી સ્થિત આવાસ પરથી ઉત્તર પ્રદેશના સુલતાનપુર જવા રવાના થયા હતા.

## નર્મદાના નીરના ભરોસે ના રહેતા...!! સરકારના મંત્રીએ જ જળસંકટ હોવાનું સ્વીકાર્યું, ખેડૂતોને ચેતવ્યા

બનાસકાંઠાના વાવ-થરાદ પંથકમાં આગામી ઉનાળામાં પાણીનું ભયાનક સંકટ સર્જાશે. મંત્રી સ્વરૂપજી ઠાકોરે જાહેરમાં સ્વીકાર્યું કે, ઓછા વરસાદને કારણે નર્મદાનું પાણી પૂરતું નથી. ખેડૂતોને ઓછા પાણીવાળા પાક વાવવા સલાહ આપી છે, અન્યથા પાક સુકાઈ જશે. સરકારે અસમર્થતા વ્યક્ત કરતા ખેડૂતો ચિંતિત છે અને પોતાની ખેતીની વ્યૂહરચના બદલવા મજબૂર બન્યા છે.



રાજય સરકારના જવાબદાર મંત્રી જ જાહેરમાં આવીને કહી દે કે ૧પાણી આપી શકાય તેમ નથી , ત્યારે પરિસ્થિતિ કેટલી ગંભીર હશે તેનો અંદાજ સરળતાથી લગાવી શકાય છે. બનાસકાંઠા અને વાવ-થરાદ પંથકમાં આગામી ઉનાળામાં સર્જાનારા ભયાનક પાણી સંકટ પર ખુદ મંત્રી સ્વરૂપજી ઠાકોરે મહોર મારી દીધી છે અને ખેડૂતોને અત્યારથી જ સાવધ કરી દીધા છે.

સામાન્ય રીતે ચૂંટણીઓ કે જાહેરસભાઓમાં પાણીના મોટા-મોટા વાયદાઓ થતા હોય છે, પરંતુ આ વખતે વાસ્તવિકતા કડવી છે. એક સમારોહમાં મંત્રી સ્વરૂપજી ઠાકોરે સ્વીકાર્યું કે, ચાલુ વર્ષે ઓછા વરસાદના કારણે નર્મદાનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી શકાય તેમ નથી. સરકાર સક્ષમ નથી તેવી સ્થિતિ સર્જાઈ છે, તેથી ખેડૂતોએ પોતાની વ્યૂહનીતિ જાતે જ બદલવી પડશે. હવે વાવ-થરાદના જગતના તાત ચિંતામાં મુકાયા છે. ખેડૂતો હવે વધુ પાણી પીતા પાકો ઉગાડવાનું જોખમ લઈ શકશે. નહીં.

## બંગાળની ખાડીમાં વાવાઝોડાનું સંકટ, ૧૪ રાજયોમાં તોફાની વરસાદનું એલર્ટ; ઉત્તર ભારતમાં ઠંડીની શરૂઆત




બંગાળની ખાડીમાં સર્જાયેલું ઊંડું દબાણ હવે 'અર્નબ' વાવાઝોડામાં ફેરવાયું છે. IMD અનુસાર, આ વાવાઝોડું ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે, જેના કારણે ૧૪ રાજયોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ અપાયું છે. ઓડિશા, આંધ્ર પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં ૬૦ થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાઈ રહ્યા છે. NDRF અને SDRF ટીમો તૈનાત કરાઈ છે. માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

## જસ્ટિસ ચંદ્રચૂડ સરકારને પૂછીને જજોની નિમણૂક કરતા : જસ્ટિસ કૌલ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડને લઇને સુપ્રીમના જ પૂર્વ ન્યાયાધીશ સંજય કિશન કૌલે મોટો દાવો કર્યો છે. જસ્ટિસ કૌલે કહ્યું છે કે હાઇકોર્ટ-સુપ્રીમ કોર્ટમાં ન્યાયાધીશોના પદ પર નામોની પસંદગી કરતા પહેલા પૂર્વ સીજેઆઇ જસ્ટિસ ચંદ્રચૂડ સરકારની મંજૂરી લેતા હતા. એક ઇન્ટરવ્યૂમાં જસ્ટિસ કૌલે આ દાવો કર્યો હતો અને પૂર્વ મુખ્ય ન્યાયાધીશ ચંદ્રચૂડની ટિકા કરી તેમની કામગીરી પર સવાલો ઉઠાવ્યા હતા. એટલુ જ નહીં પોતાના પુસ્તકમાં પણ



તેમણે અનેક ખુલાસા કર્યા છે.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ પદેથી ૨૦૨૩માં નિવૃત થયેલા જસ્ટિસ સંજય કિશન કૌલે વધુમાં દાવો કર્યો હતો કે મારી પાસે જે કેસો સુનાવણી માટે હતા તેમાં કેટલાક કેસોમાં સરકાર પર દબાણ વધારવા પ્રયાસ થયો તો મારી પાસેથી આવા કેસો પરત લઇ લેવાયા હતા, આવો જ એક કેસ જજોની નિમણુંકમાં સરકાર દ્વારા થતા વિલંબ સાથે જોડાયેલો હતો, જ્યારે મે સરકાર પર વહેલા નિર્ણય લેવા માટે દબાણ કર્યું ત્યારે મારી પાસેથી મામલો જ પરત લઇ લેવાયો.




## SIR માં કયા સોફ્ટવેરથી મતદારોના ડેટામાં ગરબડો શોધી...? ચૂંટણી પંચે આપ્યો ગોળ-ગોળ જવાબ

દેશભરમાં ૧૩ કરોડથી વધુ મતદારોના નામો કાઢી નાખવાના વિવાદ વચ્ચે, ચૂંટણી પંચે SIR હેઠળ સોફ્ટવેરની માહિતી આપવાનો ઇનકાર કર્યો છે. તેલંગાણાના કાર્યકર એમ. એ. મુજીબ અય્યૂબે વોટર લિસ્ટમાં ખામીઓ શોધવા ઉપયોગમાં લેવાયેલ અઈ ટૂલ અંગે વિગતો માંગી હતી. પંચે 'કોમર્શિયલ કોન્ફિડન્સ' અને 'ટ્રેડ સિક્રેટ' કહીને SIR કાયદાની કલમ ૮ (૧) (મ) હેઠળ માહિતી જાહેર કરવાનો ઇનકાર કર્યો છે. આથી પારદર્શિતા સામે સવાલો ઉભા થયા છે.




દેશભરમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) ઝુંબેશ હેઠળ ૧૩ કરોડથી વધુ મતદારોના નામો કાઢી નાખવાને લઈને ચાલતા વિવાદ વચ્ચે ભારતના ચૂંટણી પંચ નું એક ચોંકાવનારૂં વલણ સામે આવ્યું છે. વોટર લિસ્ટમાં ગરબડો અને ખામીઓ પકડવા માટે કયા સોફ્ટવેર, એપ કે AI ટૂલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તેની વિગતો કે વર્ઝન દર્શાવવાનો ચૂંટણી પંચે માહિતીનો અધિકાર હેઠળ સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. ચૂંટણી પંચે દાવો કર્યો છે કે આ માહિતી 'કમર્શિયલ કોન્ફિડન્સ, ટ્રેડ સિક્રેટ અને ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી' સાથે જોડાયેલી છે.

## નર્મદા: એકતાનગર ખાતે નર્મદા નદી પર ૧૬ કરોડના ખર્ચે એકતા ક્રૂઝ તૈયાર, હવે પ્રવાસીઓને મળશે રિવર ટુરિઝમનો અનુભવ



નર્મદા જિલ્લાના એક્તાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પ્રવાસીઓ માટે નવું આકર્ષણ ઉમેરાયું છે. સરદાર સરોવર ડેમ નજીક નર્મદા નદી પર RCB૧૬ કરોડના ખર્ચે 'એક્તા ક્રૂઝ' તૈયાર કરાઈ છે. ૬૦૦ મુસાફરોની ક્ષમતા ધરાવતી આ ક્રૂઝમાં આધુનિક સુરક્ષા, સંગીત અને કેટરિંગ સુવિધા ઉપલબ્ધ છે. આનાથી રિવર ટુરિઝમને પ્રોત્સાહન મળશે અને પ્રવાસીઓનો અનુભવ વધુ સમૃદ્ધ બનશે.

નર્મદા જિલ્લાના એક્તાનગર ખાતે સ્થિત વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસરમાં પ્રવાસીઓ માટે વધુ એક આકર્ષણ ઉમેરાયું છે. એક્તાનગરની મુલાકાતે આવતા દેશ-વિદેશના પ્રવાસીઓને રિવર ટુરિઝમનો શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડવાના ઉદ્દેશથી સરદાર સરોવર ડેમના નીચાણવાળા વિસ્તારમાં નર્મદા નદી પર ૧૬ કરોડ રૂપિયાના ખર્ચે નવી અને સુવિધાસભર એકતા ક્રૂઝનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આજ પ્રજાપંખ માં....

-મહાન-



આગળ આગળ ચાલો
દુનિયા તમારી પાછળ,
નીકળી જાઓ આગળ એટલા
ફેંકેલા પથ્થર અડે નહીં !

જયોત તમે જે પ્રગટાવી
દુનિયા નો અંધકાર દૂર કરે,
તુફાન ની કયા પડી
પોતાના બલબુતા પર જે જલે !

અલગ માટી ના બનેલા છો
મકસદ તમારું પોતાનું,
મંજિલ તમારી, દોડ તમારી
હર કદમ પર પોતાને અજમાવો !

ઊંચાઈ પર જે તમે પહોંચી ગયા
દુનિયા છે તમારા કદમો તળે,
કાબિલિયત ની દુનિયા કદર કરે
મહેનત તમને મહાન બનાવે !!

અશ્વિન-અટપટા

## ધોનીએ આઈપીએલ માં ભવિષ્ય અંગે મૌન તોડ્યું, કહ્યું - હું વિન્ટેજ ગાડી જેવો, ડિસેમ્બરમાં નિર્ણય લઈશ

ભારતના પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોનીએ બેંગલુરુમાં IPL ૨૦૨૭માં રમવા અંગે મૌન તોડ્યું છે. ૪૫ વર્ષીય ધોનીએ હેલ્થકેર ઇવેન્ટમાં હસતાં-હસતાં કહ્યું કે, ડોક્ટરોએ તેમને ફિટ રાખવા પડશે, નહીં તો આ 'જૂની વિન્ટેજ ગાડી' રસ્તા પર નહીં ચાલે. તેઓ ડિસેમ્બર પહેલાં ફિટનેસ જોઈને નિર્ણય લેશે. ધોનીએ CSKના સંઘર્ષ અને RCB ના પ્રદર્શનની પણ પ્રશંસા કરી.



ભારતના પૂર્વ કેપ્ટન એમ.એસ. ધોનીએ આઈપીએલ માં પોતાની રમત ચાલુ રાખવા અંગે ચાલી રહેલી અટકળો પર મૌન તોડ્યું છે. બેંગલુરુમાં આયોજિત એક હેલ્થકેર ઇવેન્ટ દરમિયાન જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ આગામી આઈપીએલ સિઝનમાં પણ રમતા જોવા મળશે કે કેમ, ત્યારે ધોનીએ હસતાં-હસતાં વિન્ટેજ કારનું ઉદાહરણ આપ્યું હતું. તેમણે મજાકમાં કહ્યું, 'ડોક્ટર, મારે ટેસ્ટમાંથી પસાર થવું પડશે.. તમારે મને રિપોર્ટ આપવો પડશે, અને પછી ડિસેમ્બર પહેલાં મારે જોવું પડશે કે હું વધુ એક સિઝન રમવા માટે કેટલો ફિટ છું.'

તેમણે ઉમેર્યું કે જો તેઓ ફિટ નહીં રહી શકે તો ડોક્ટરોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે આ 'જૂની વિન્ટેજ ગાડી' રસ્તા પર સારી રીતે દોડતી રહે, જેથી તમામ દબાણ ડોક્ટરો પર જ રહે. ઉલ્લેખનીય છે કે ૪૫ વર્ષીય ધોની ફિટનેસ સમસ્યાઓના કારણે આઈપીએલની પૂરી સિઝન રમી શક્યા ન હતા, અને હવે તેઓ આગામી મહિને એટલે કે ડિસેમ્બર પહેલા પોતાના ભવિષ્ય અંગે અંતિમ નિર્ણય લેશે.

આ કાર્યક્રમમાં વાતચીત દરમિયાન એમ.એસ. ધોનીએ ચેન્નાઈ સુપર કિંગ્સ ના તાજેતરના પ્રદર્શન અંગે પણ નિખાલસતાથી ચર્ચા કરી હતી. તેમણે સ્વીકાર્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં ટીમ માટે સમય મુશ્કેલ રહ્યો છે અને સીએસકેએ ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે. ધોનીએ કહ્યું કે કાગળ પર તમારી ટીમ ગમે તેટલી મજબૂત હોય તેનાથી ખાસ ફરક નથી પડતો, પરંતુ મેદાન પર તે ચોક્કસ દિવસે તમે કેવું પ્રદર્શન કરો છો તે સૌથી મહત્ત્વનું છે. રમતનું ફોર્મેટ જેટલું નાનું હોય છે, તેટલું જ ઉત્કૃષ્ટ ટીમો વચ્ચેનું અંતર ઘટતું જાય છે.

## તંત્રી લેખ........

### માનવી એટલે ઇચ્છાથી દોડતું પ્રાણી !

ભૌતિકતાની એક સીમા હોય છે. એનાથી પ્રાપ્ત થતો આનંદ પણ સીમિત હોય છે. પરંતુ સૌથી મોટી વિડંબનાએ હોય છે કે ભૌતિકતા ક્યારેય સંતુષ્ટ થતી નથી, તેથી અસીમ લાગે છે. પ્રાપ્તિનો તીવ્ર અસંતોષ માનવીને દોડાવે છે અને તેથી જ ભારતીય સંસ્કૃતિમાં 'ત્યાગીને ભોગવ' એમ કહ્યું છે. એનો અર્થ જ એ કે પ્રાપ્તિના આનંદ કરતાં ત્યાગનો આનંદ વિશેષ છે.

મા નવીની મનની ઇચ્છાઓનો કાર્ડિયોગ્રામ સાંભળવા જેવો હોય છે. એ કાર્ડિયોગ્રામમાં ઝિલાયેલા ધબકાર જોવા જેવા છે. એમાં થતી વધઘટનાં સંચલનો જાણવા જેવાં હોય છે. મનનાં બાહ્ય આવરણ અને આચરણને આપણે જોઈએ છીએ, જેમ માનવીના બાહ્ય દેખાવ અને વર્તાવને જોઈએ તેમ. કિંતુ ખરેખર તો એ મનનાં આચરણ પાછળનાં કારણો અને પ્રયોજનોની લીલા જોવી જોઈએ. અજાગ્રત મનમાં શું ચાલે છે ? એ કેમ ચાલે છે ? એનો હેતુ શો છે ? અને જાગ્રત મનને એ કઈ રીતે દોરે છે, તે જાણવું જોઈએ. માનવીના બાહ્ય વર્તનના મૂળમાં એની વાસના, વૃત્તિ, ઇચ્છા કે ઝંખના જ એને કઠપૂતળીની જેમ નચાવતી હોય છે.

માનવીની એક એવી પણ વ્યાખ્યા થઈ શકે કે તે 'ઇચ્છાથી દોડતું પ્રાણી' છે. ઇચ્છાઓ એને દોડાવે છે અને એ સતત એની પાછળ દોડયે જાય છે. વળી ઇચ્છાઓ એને એ રીતે દોડાવે છે કે એની એક ભાવના સિદ્ધ થાય, તો એના મનમાં બીજી ભાવના મૂકી દે છે, પણ એની દોડને ઇચ્છા અટકવા દેતી નથી. રમતની દોડ અમુક અંતરે પૂર્ણ થાય છે, જ્યારે ઇચ્છાની દોડનું અંતર સતત વધતું રહે છે અને સદા અપૂર્ણ રહે છે.

માનવી ધનની ઇચ્છા રાખે છે અને પહેલાં તો આજીવિકા પૂરતા ધનનો વિચાર કરે છે. આજીવિકા માટેનું ધન મળતાં નવી સ્પૃહા જાગે છે. એ રહેવા માટેના મકાનની ઇચ્છા રાખે છે. પરંતુ જેવું ઘરનું ઘર થાય કે એને બંગલાની ઇચ્છા જાગે છે. ફરી પાછી એની દોડનો પુનઃપ્રારંભ થાય છે. ઇચ્છાઓ એની પાસે માગણી કરતી જ રહે છે અને એ માગણીઓનો તાબેદાર બનીને કામ કરે છે. વળી પ્રત્યેક ઇચ્છા માનવીને સતત કહેતી હોય છે કે આટલું મેળવી લે એટલે તને બધું મળી જશે. પછી થશે નિરાંત અને જાગશે સંતોષ. આ મળ્યે જીવનનો સઘળો આનંદ તને પ્રાપ્ત થઈ જશે. તારા જીવનમાં શાંતિ આવશે અને આ સઘળી દોડધામ ચાલી જશે.

આવી ઇચ્છાથી એ મહેનત કરીને સ્કૂટર કે મોટર મેળવે છે, પરંતુ એ ઇચ્છા પૂર્ણ થવા સાથે એની વાહન માટેની ધનની દોડ અટકતી નથી. વળી પાછો એના મનમાં નવી ભૌતિક વસ્તુની પ્રાપ્તિનો કે વધુ ધનપ્રાપ્તિનો નવો વિચાર જાગે છે. પુનઃ એ દોડવાનો પ્રારંભ કરે છે અને આમ આખી જિંદગી પૂરી થાય તો પણ એની દોડ અટકતી નથી અને એની ઇચ્છાઓ પૂર્ણ કે તૃપ્ત થતી નથી. વ્યક્તિમાં કામેચ્છા જાગે અને એ ઇચ્છા પણ વધુ ને વધુ એને દોડાવતી રહે છે. પ્રથમ એક વ્યક્તિમાં એની ઝંખના પૂરી કરવાનો વિચાર કરે. એક વ્યક્તિ મળે, છતાંય એની કામેચ્છા જગતમાં કામના અને વાસનાને શોધતી રહે છે.

એને પદની આકાંક્ષા જાગે અને સત્તા મેળવવા માટે રાતદિવસ એક કરે છે. આખરે માંડ સત્તા મેળવે, ત્યારપછી એ સત્તાની જાળવણીની ચિંતા એને બમણી કોરી ખાય છે. પહેલાં તો માત્ર સત્તા મેળવવાનું જ લક્ષ્ય હતું, પણ હવે તો સત્તા ઝૂંટવાઈ જાય એને નવો ભય ઊભો થયો છે. કોઈ મિત્ર દગો કરશે તો શું થશે, એમ માનીને એ સત્તાવાન સહુને સતત શંકાની નજરે જોતો હોય છે. મળેલી સત્તા ચાલી જશે તો પોતાની કેવી દુર્દશા થશે એવા કાલ્પનિક ભયથી પીડાતો હોય છે અને પ્રધાન બનવા મળ્યું હોય તો મુખ્યપ્રધાનની ખુરશી ભણી એની દોટ હોય છે, આથી એની દોડ તો ચાલુ જ રહે છે. પહેલાં માત્ર સત્તાની દોડ હતી. એ પૂર્ણ થતાં ભય, આશંકા, ડર એ બધાં સાથે નવી દોડનો પ્રારંભ કરે છે.

ધનવાન હોય કે સત્તાવાન હોય- એની નજર તો જેની પાસે પોતાનાથી વધુ કે વિશેષ ધન કે સત્તા હોય તેના પર રહે છે અને તે મેળવવાનો એનો પુરુષાર્થ હોય છે. ધનથી થોડી ભૌતિક સમૃદ્ધિ મેળવે એટલે એને વધુ ભૌતિક સમૃદ્ધિ પોકાર પાડે છે. ગમે તે પરિસ્થિતિમાં હોય, પણ તે પોતાનાથી અધિકને કે વધુ સત્તા-સંપત્તિ ધરાવનારને જ સદાય જોતો હોય છે, ન્યૂનને નહીં. અર્થાત્ એની પાસે બંગલો હોય અને એની ઇચ્છા ઇશ્વરે પૂર્ણ કરી એમ માનીને એમાં એ આનંદ ભોગવતો નથી.

## સૌરાષ્ટ્રમાં અપૂરતા વરસાદથી માલધારીઓ સંકટમાં, ઘાસચારા અને પાણીની અછત વચ્ચે વિશેષ રાહત પેકેજ જાહેર કરવા માગ

ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પાણી અને ઘાસચારાની ગંભીર સમસ્યા સર્જાઈ છે. રાજકોટ સહિતના વિસ્તારોમાં માલધારીઓ અને પશુપાલકોની હાલત કફોડી બની છે. ઊંચા ભાવે ઘાસચારો ખરીદવો મુશ્કેલ બનતા, ઘણા પશુપાલકો પશુઓ સાથે સ્થળાંતર કરવા મજબૂર બન્યા છે. માલધારી સમાજે રાજ્ય સરકાર પાસે તાત્કાલિક આર્થિક રાહત પેકેજ અને રાહત દરે ઘાસચારો ઉપલબ્ધ કરાવવાની માંગ કરી છે.

સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ચાલુ વર્ષે ઓછો વરસાદ નોંધાવાને કારણે પાણી અને ઘાસચારાની ગંભીર સમસ્યા ઊભી થઈ છે, જેના કારણે માલધારી અને પશુપાલકોની હાલત અત્યંત કફોડી બની ગઈ છે. પશુધનને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે વિશેષ આર્થિક રાહત પેકેજ જાહેર કરવામાં આવે તેવી માલધારી સમાજ દ્વારા માગ કરવામાં આવી છે.



રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ઓછા વરસાદના લીધે કુદરતી ઘાસ અને પાણી ખૂટી પડ્યા છે. બજારમાં ઘાસચારાના ભાવ ખૂબ જ ઊંચા હોવાથી દૈનિક કમાણી કરતા અને પશુપાલન પર નિર્ભર રહેતા પરિવારો માટે પોતાના મૂગા પશુઓનું ભરણપોષણ કરવું અશક્ય બન્યું છે.

## રાશીફળ

**મેષ** -સંપત્તિ ખરીદવાનો યોગ બનશે. અધ્યબયનમાં મન લાગશે. ભાઈબંધ પ્રત્યે સહયોગની ભાવના વધશે. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાની તક મળશે. વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નો.માં સફળતા મળશે.

**વૃષભ** -સ્વાચધ્યાુયમાં રુચિ વધશે. સામાજિક, માંગલિક સમારોહમાં ભાગ લેવાના યોગ બનશે. દિવસ પ્રતિકૂળ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિાતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે.

**મિથુન**-વિવાદોથી બચવું. સંતાન પક્ષ, મિત્ર વર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યોમાં સમય પસાર થશે. આર્થિક ક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્ય થવાના યોગ. કાર્યમાં સમયને મહત્વત ન આપવાને કારણે માનસિક ક્લેશનો યોગ બનશે.

**કર્ક** -પ્રતિષ્ઠિત વ્યમક્તિવઓથી મેળમેળાપ વધશે. ઉદર વિકારને કારણે ખાવાપીવા પર સંયમ રાખવું. ઉપહાર મળશે. કાર્યોને સમય પર કરવાનો પ્રયત્નશ કરવો. ગુસ્સો અને આવેશ પર સંયમ રાખવો.

**સિંહ**-નવા આર્થિક સાધનો પર કાર્ય થશે. વ્યા.પારમાં મુશ્કેકલીનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ, વ્યા.પારમાં ભાગ્ય વર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ છે.

**કન્યા**-મિત્ર વર્ગ, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં ધન ખર્ચનો યોગ. વ્યાોપાર, પરિવાર સંબંધી કાર્યોનો વિશેષ યોગ. વાહન ખરીદવાની સંભાવના છે. પ્રયત્નો.માં સફળતા મળશે. સંબંધો પ્રત્યેવ વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**તુલા**-બિનજરૂરી કાર્યોથી દૂર રહેવું. વેપારમાં ઉન્નતિ થશે. કુટુંબનાં સભ્યોહનો સહયોગ મળી શકે છે. કોઈ અગત્યાનું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. સત્સંવગ થશે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે.

**વૃશ્ચિક** -શોધ, અનુસંધાનપૂર્ણ કાર્યોમાં ધન તેમજ સમય પસાર થવાનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યેવર્ધક પરિવર્તનનો યોગ. ભાગ્યથવર્ધક યાત્રાઓ સંભાવિત. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાગપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ. ધાર્મિક સમસ્યાંઓ પર વિચાર-વિમર્શનો યોગ.

**ધન**-શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધપૂર્ણ કાર્યમાં સમય પસાર થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યયવર્ધક કાર્યોમાં યાત્રા વેગેરેનો યોગ. ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મકર** -આળસથી બચવું તથા કાર્યો સમય પર કરવાનો પ્રયત્નવ કરો. સંતાન તરફથી પ્રસન્નતા રહેશે. સ્વા-વિવેકથી કાર્ય કરવું લાભદાયી રહેશે. કાર્યમાં સમયને મહત્વદ ન આપવાને કારણે માનસિક ક્લે.

**કુંભ**-યોગ્યક દિશામાં પ્રયત્નદ કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. મકાન સંબંધી સમસ્યાાનું સમાધાન થશે. મનોરંજનમાં સમય પસાર થશે. કોઈ પણ કાર્ય માટે સ્વેવિવેકથી, સમજી-વિચારીને નિર્ણય લેવો ઉત્તમ રહેશે. અધિકારી વર્ગનો સહયોગ મળશે.

**મીન**- પુરુષાર્થનું પરિણામ તરત મળશે. સમયનો સદુપયોગ આકાંક્ષાઓની પૂર્તિ કરાવશે. પિતાથી વ્યાસાયિક મુદ્દે ચર્ચા થઈ શકે છે.

## ૫૦૦ થી વધુ ફિલ્મોના ડેટા લીકથી ખળભળાટ, સેન્સર બોર્ડની સુરક્ષામાં મોટું ગાબડું




CBFC ના 'ઈ-સિનેપ્રમાણ' પોર્ટલ પરથી ૫૦૦થી વધુ ફિલ્મોના ગુપ્ત દસ્તાવેજો લીક થયા છે. ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ થયેલા આ મોટા ડેટા લીકથી ફિલ્મની સ્ક્રિપ્ટ, કટ ઓર્ડર, અને વ્યવસાયિક કરારો જેવી માહિતી ઈન્ટરનેટ આર્કાઈવ પર ડાઉનલોડ માટે ઉપલબ્ધ બની હતી. આ ઘટનાથી CBFC ની સુરક્ષા પર સવાલો ઉઠ્યા છે. CERT-Inદ્વારા તપાસ શરૂ કરાઈ છે.

ફિલ્મ રિલીઝ થાય તે પહેલાં તેની વાર્તા અને માહિતી ગુપ્ત રાખવા માટે ફિલ્મ નિર્માતાઓ ખૂબ જ તકેદારી રાખતા હોય છે, કેમ કે જો કોઈપણ કારણસર ફિલ્મની વિગતો કે આખેઆખી ફિલ્મની પ્રિન્ટ ઈન્ટરનેટ પર લીક થઈ જાય તો નિર્માતાને કરોડોની ખોટ જાય. ૨૫ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ ભારતીય ફિલ્મ ઉદ્યોગને લગતો એક ખૂબ જ મોટો અને ચોંકાવનારો ડેટા લીક સામે આવ્યો છે, જેણે સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન ની સુરક્ષા વ્યવસ્થા પર મોટા સવાલો ઊભા કર્યા છે.

CBFCના સત્તાવાર ઓનલાઈન પોર્ટલ 'ઈ-સિનેપ્રમાણ'પરથી ૫૦૦ થી વધુ ફિલ્મોના અત્યંત ગુપ્ત દસ્તાવેજો લીક થઈ ગયા છે. આ એ જ પોર્ટલ છે જેના દ્વારા દેશભરની ફિલ્મોને સેન્સર સર્ટિફિકેટ આપવાની પ્રક્રિયા પૂરી કરવામાં આવે છે. અહેવાલો મુજબ, આ પોર્ટલની સુરક્ષા તોડીને કોઈએ આ દસ્તાવેજો ગેરકાયદેસર રીતે મેળવ્યા હતા અને તેને 'ઈન્ટરનેટ આર્કાઈવ' પર ડાઉનલોડ કરવા માટે મૂકી દીધા હતા. આ લીક ટેકનિકલ ખામીને કારણે થયો છે કે પછી કોઈ મોટા સાયબર હુમલાનો ભાગ છે, તે તપાસનો વિષય છે.

ફિલ્મોની સ્ક્રિપ્ટ અને વાર્તા ઓનલાઈન લીક થવાથી સોશિયલ મીડિયા પર 'સ્પોઇલર્સ' વાયરલ થવાનું જોખમ વધી જાય છે.

## લાજપોર જેલમાં લૂંટ વિથ મર્ડરના આરોપીની આત્મહત્યા

### બેરેકના બાથરૂમમાં એક્ઝોસ્ટ ફેનના એંગલ સાથે ફાંસો ખાધો, આરોપી મનીષ કુરમી કેસરી કાપડ બાંધી લટક્યો



સુરત- સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેલમાં બંધ કાચા કામના એક કેદીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું છે. મૃતક કેદીની ઓળખ ૨૬ વર્ષીય મનિષ ઉર્ફે સુચિત્ર ઉર્ફે વિચિત્ર બાબુ ઉર્ફે પૂરી કુરમી પટેલ તરીકે થઈ છે. તે જેલના યાર્ડ નંબર ઈ/૯/૧માં રાખવામાં આવ્યો હતો. આજે ૨૬ ઓક્ટોબરે વહેલી સવારે આશરે ૩ વાગ્યે બેરેકની અંદર બાથરૂમની જાળીમાં લાગેલા એક્ઝોસ્ટ ફેનના લોખંડના એંગલ સાથે કેસરી રંગના કાપડથી ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો.

આત્મહત્યા કરનાર કેદી મનિષ કુરમી કોઈ સામાન્ય ગુનેગાર નહોતો. તે સુરતના પાંડેસરા અને કડોદરા પોલીસ મથકમાં નોંધાયેલા ગંભીર લૂંટ વિથ મર્ડરના ગુનાઓમાં સંડોવાયેલો હતો. આ ગુનાઓ સંદર્ભે તે છેલ્લા ૪ વર્ષથી જેલમાં કાચા કામના કેદી તરીકે કારાવાસ ભોગવી રહ્યો હતો. અચાનક તેણે બેરેકના બાથરૂમમાં જઈને આ આત્યંતિક પગલું ભરી લેતાં જેલ વહીવટી તંત્ર અને અન્ય કેદીઓમાં ચકચાર મચી છે.

બનાવની જાણ થતાં જ જેલ સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. જેલના ડ્યુટી જેલર (ગ્રુપ-૨) વિક્રમસિંહ એ. પરમાર દ્વારા આ સમગ્ર ઘટના અંગે સચીન પોલીસ સ્ટેશનમાં તાત્કાલિક ટેલિફોન દ્વારા જાણ કરવામાં આવી હતી. સચીન પોલીસ સ્ટેશન ખાતે વહેલી સવારે ૦૪:૪૫ વાગ્યે ટેલિફોનિક વર્દી નંબર નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મૃતક કેદી પાંડેસરા અને કડોદરા જીઆઈડીસી પોલીસ મથકમાં નોંધાયેલા વર્ષ ૨૦૧૫ના લૂંટ વિથ મર્ડરના બે ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હતો અને છેલ્લા ૪ વર્ષથી જેલમાં બંધ હતો. સચીન પોલીસે ડ્યુટી જેલરની ટેલિફોનિક વર્દીના આધારે અકસ્માતે મોત દાખલ કરીને આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે. આ કેસની તપાસ પોલીસ ઇન્સ્પેક્ટર પી.એન. વાઘેલાને સોંપવામાં આવી છે. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી છે. છેલ્લા ૪ વર્ષથી જેલમાં બંધ આ આરોપીએ આખરે કયા માનસિક તણાવ કે કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે અંગે પોલીસ દ્વારા વધુ પૂછપરછ અને તપાસ ચલાવવામાં આવી રહી છે.

**આત્મહત્યા કરનાર કેદી મનિષ કુરમી કોઈ સામાન્ય ગુનેગાર નહોતો. તે સુરતના પાંડેસરા અને કડોદરા પોલીસ મથકમાં નોધાયેલા ગંભીર લૂંટ વિથ મર્ડરના ગુનાઓમાં સંડોવાયેલો હતો.**

## ભરૂચમાં રૂ.૯.૮૪ કરોડના આરોગ્ય પ્રકલ્પોનું વર્ચ્યુઅલી લોકાર્પણ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી કર્યું ઉદ્ઘાટન; જળ સંપત્તિ મંત્રી ઇશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા



અંકલેશ્વર- ભરૂચ જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સુદૃઢ અને આધુનિક બનાવવાના ભાગરૂપે રૂ.૯.૮૪ કરોડના ખર્ચે નિર્માણ પામેલા ૨૭ પેટા આરોગ્ય કેન્દ્રો અને હાંસોટ ખાતે નવીન રેફરલ હોસ્પિટલનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું છે. ગાંધીનગરથી રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલી માધ્યમથી આ તમામ આરોગ્ય સુવિધાઓનું ઉદ્ઘાટન કર્યું હતું. હાંસોટ ખાતે યોજાયેલા મુખ્ય સમારોહમાં રાજયના જળ સંપત્તિ મંત્રી ઇશ્વરસિંહ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રકલ્પો અંતર્ગત ભરૂચ જિલ્લામાં રૂ.૯.૮૪ કરોડના ખર્ચે ૨૭ પેટા આરોગ્ય કેન્દ્રો તૈયાર કરાયા છે. આ ઉપરાંત હાંસોટ તાલુકા મથકે રૂ.૪.૫૬ કરોડના ખર્ચે ૩૦ બેડની સુસજ્જ અને આધુનિક રેફરલ હોસ્પિટલનું પણ ઉદ્ઘાટન કરાયું છે. હાંસોટમાં આકાર પામેલી આ નવીન રેફરલ હોસ્પિટલથી તાલુકા અને આસપાસના ગ્રામીણ વિસ્તારોના હજારો લોકોને સ્થાનિક કક્ષાએ જ ગુણવત્તાયુક્ત અને ઝડપી સારવારની સુવિધા મળી રહેશે.

જિલ્લામાં ૨૭ નવા પેટા આરોગ્ય કેન્દ્રો કાર્યરત થવાથી છેવાડાના ગ્રામીણ વિસ્તારો સુધી પ્રાથમિક આરોગ્ય સેવાઓ વધુ સરળ અને ઝડપી બનશે. આ કેન્દ્રોના કારણે સ્થાનિક રહીશોને નાની-મોટી બીમારીઓ અને પ્રાથમિક તબીબી તપાસ માટે દૂરના શહેરી વિસ્તારો સુધી જવાની જરૂર નહીં પડે. આ યોજના ગ્રામીણ વિસ્તારોના જનસ્વાસ્થ્યના સુધારામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ મહોત્સવ પ્રસંગે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સ્થાનિક આરોગ્ય કર્મીઓનું બહુમાન પણ કરવામાં આવ્યું હતું.

સમારોહમાં જિલ્લા પંચાયત પ્રમુખ ડિમ્પલ રાજ, કારોબારી અધ્યક્ષ પ્રવીણ પટેલ, કલેક્ટર ડો. નવનાથ ગવ્હાણે અને DDO યોગેશ કાપસે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ પરેશ લાડ, મહામંત્રી જીગ્નેશ મિસ્ત્રી, હાંસોટ તાલુકા પંચાયત પ્રમુખ વિશાલ પટેલ અને તાલુકા ભાજપ પ્રમુખ અનંત પટેલ પણ હાજર રહ્યા હતા.

## SVNIT એલ્યુમની એસોસિએશન સુરત ચેપ્ટર દ્વારા 'રમઝટ ૨૦૨૬' નું ભવ્ય આયોજન




**પ્રજા પંખ સુરત,** SVNIT એલ્યુમની એસોસિએશન સુરત ચેપ્ટર દ્વારા પોસ્ટ નવરાત્રી રાસ ગરબા ઉત્સવ RAMZAT - ૨૦૨૬' નું ભવ્ય આયોજન SVNIT કેમ્પસ, ઇચ્છાનાથ ખાતે કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં સુરત ચેપ્ટરના ૪૦૦ થી વધુ પૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. Same Campus, Same Vibes, New Memories ની થીમ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં જુના મિત્રોનું મિલન, સંગીત, ભોજન અને નેટવર્કિંગનો અનેરો સંગમ જોવા મળ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સુરતના કલેક્ટર શ્રી તેજસ પરમાર ઉપસ્થિત રહ્યા હતા અને સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય પ્રાયોજક TEJ ગ્રુપના ડો. જિજ્ઞેશ પટેલ તથા અન્ય પ્રાયોજકોનો સહયોગ સાંપડ્યો હતો. સુરત ચેપ્ટરના પ્રમુખ શ્રી તુષાર મહેતા એ તમામ પ્રાયોજકો, દાતાઓ અને એલ્યુમની સભ્યોનો આર્થિક સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

સાથે જ, તેમણે મેનેજિંગ કમિટીના તમામ સભ્યોની નિષ્ઠા અને અથાક મહેનતને બિરદાવી હતી, જેમના પ્રયત્નોથી 'રમઝટ ૨૦૨૬' ભવ્ય સફળતા હાંસલ કરી શક્યું. કાર્યક્રમના અંતે સૌએ સાથે મળીને ગરબાની રમઝટ માણી હતી.

**આ ઉત્સવમાં સુરત ચેપ્ટરના ૪૦૦ થી વધુ પૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.**

## વતન જવા ટ્રેનની માંગ:દિવાળી પર્વે સુરત-વલસાડથી સૌરાષ્ટ્ર માટે સીધી સ્પેશિયલ ટ્રેનો શરૂ કરવા PMમોદીને પત્ર લખી પૂર્વ ધારાસભ્યની રજૂઆત





સુરત- દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે દક્ષિણ ગુજરાતમાં વસતા લાખો સૌરાષ્ટ્રવાસીઓને માદરે વતન પહોંચવામાં કોઈ હાલાકી ન પડે તે માટે સુરત ઉત્તરના પૂર્વ ધારાસભ્ય ધીરુ ગજેરાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિસ્તૃત પત્ર લખીને મહત્વની રજૂઆત કરી છે. તેમણે દિવાળીના તહેવાર નિમિત્તે સુરત અને વલસાડથી સૌરાષ્ટ્રના વિવિધ શહેરો તરફ જતી વધારાની સ્પેશિયલ ટ્રેનો તાત્કાલિક ધોરણે શરૂ કરવાની ભારપૂર્વક માંગણી કરી છે, જેથી સામાન્ય અને મધ્યમ વર્ગના મુસાફરોને મોંઘવારીના સમયમાં મોટી આર્થિક રાહત મળી શકે.

ધીરુ ગજેરાએ પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, સુરત અને વલસાડ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં હીરા, ટેક્સટાઇલ અને કેમિકલ ઉદ્યોગ સાથે સમગ્ર સૌરાષ્ટ્રમાંથી આવેલા લાખો રત્નકલાકારો અને શ્રમિકો રોજગારી મેળવી રહ્યા છે. દિવાળી પર્વ નિમિત્તે આ તમામ પરિવારો પોતાના વતનમાં જતા હોય છે, પરંતુ દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર માટે પૂરતી સીધી ટ્રેન સુવિધા ઉપલબ્ધ ન હોવાથી મુસાફરોને ખાનગી બસો કે ટ્રાવેલ્સમાં ઊંચા ભાડા ચૂકવીને જોખમી મુસાફરી કરવા મજબૂર બનવું પડે છે. તહેવારોના સમયે ખાનગી વાહનચાલકો દ્વારા વસૂલાતા તોતિંગ ભાડાંને કારણે ગરીબ વર્ગ પર મોટો આર્થિક બોજ પડે છે.

પૂર્વ ધારાસભ્યએ પત્રમાં પ્રશ્ન ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે જ્યારે તહેવારોના દિવસોમાં રેલવે વિભાગ દ્વારા અન્ય રાજ્યો અને મોટા શહેરોમાંથી વિશેષ ટ્રેનો દોડાવવામાં આવતી હોય છે ત્યારે સુરત અને વલસાડથી સૌરાષ્ટ્ર તરફ આવી પૂરતી સુવિધા કેમ પૂરી પાડવામાં આવતી નથી. તેમણે માગણી કરી છે કે, દિવાળીના તહેવારો દરમિયાન સતત ૮ દિવસ માટે સુરત અને વલસાડથી રાજકોટ, જામનગર, જૂનાગઢ, પોરબંદર તેમજ અમરેલી તરફ સીધી સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવે, જેથી રત્નકલાકારો અને નાના વેપારીઓ સમયસર અને રાહત દરે પોતાના પરિવારો સાથે વતન પહોંચી શકે.

સૌરાષ્ટ્રવાસીઓના હિતમાં કરાયેલી આ રજૂઆતની નકલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ તેમજ રાજયના તમામ લોકસભા અને રાજયસભાના સાંસદોને પણ મોકલવામાં આવી છે. તેમણે તમામ સત્તાધીશોને જનહિતમાં ત્વરિત અને સકારાત્મક નિર્ણય લઈ ટૂંક સમયમાં સ્પેશિયલ ટ્રેનોની સત્તાવાર જાહેરાત કરવા ભાવભરી અપીલ કરી છે.

## લાજપોર મધ્યસ્થ જેલમાં અંડરટ્રાયલ કેદીનું મોત

# જેલમાં પરસેવો વળી ગયો અને ઊલટી થઈ, સિવિલના MICU માં ટૂંકી સારવાર બાદ તબીબોએ મૃત જાહેર કર્યો




સુરત- સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં બંધ કાચા કામના એક કેદીનું નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતાં જેલ પ્રશાસનમાં દોડધામ મચી ગઈ છે. જેલમાં કાચા કામના કેદી તરીકે બંધ ૩૨ વર્ષીય જયેશ ઉર્ફે જયલો બાબુ હળપતિની ગત રોજ અચાનક તબિયત બગડી હતી. તેને બેરેકમાં અચાનક જ ગભરામણ થવા સાથે શરીરે પરસેવો વળવા લાગ્યો હતો અને ઊલટીની તકલીફ થતાં હાલત વધુ નાજુક બની હતી. કેદીની તબિયત એકાએક લથડતાં જેલ સ્ટાફ તાત્કાલિક હરકતમાં આવી ગયો હતો.

કેદીની સ્થિતિ ગંભીર જણાતાં જેલ પ્રશાસન અને પોલીસ દ્વારા જયેશને તાબડતોબ સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં કેદીની નાજુક હાલતને જોતાં ફરજ પરના તબીબોએ તેને તાત્કાલિક મેડિકલ ઇન્ટેન્સિવ કેર યુનિટ માં દાખલ કરી સઘન સારવાર શરૂ કરી હતી. જોકે, તબીબોના તમામ પ્રયાસો છતાં સારવાર દરમિયાન મોડી સાંજે તેણે દમ તોડી દીધો હતો અને ફરજ પરના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

કેદીના મોતને પગલે સચીન પોલીસ મથકમાં બનાવ સંદર્ભે એમએલસી નોંધાવવામાં આવી છે. પોલીસે નવી સિવિલ હોસ્પિટલ પહોંચી મૃતક કેદીના પંચનામા સહિતની આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમમાં ખસેડ્યો હતો.

## દિવાળી-છઠ્ઠ પહેલા ઉધના રેલવે સ્ટેશન પર યાત્રીઓનો ધસારો નિયંત્રિત

# રાતથી સવાર સુધીમાં સ્પેશિયલ ટ્રેનમાં UP-બિહારના ૧૩ હજાર મુસાફર વતન રવાના, આખું સ્ટેશન ખાલી થયું



સુરત- દિવાળી અને છઠ્ઠના તહેવારોને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સુરત અને ઉધના વિસ્તારમાં વસતા પરપ્રાંતીય શ્રમિકો પોતાના વતન પહોંચવા માટે સ્ટેશને ઉમટી રહ્યા છે. જોકે, રેલવે તંત્ર દ્વારા અગાઉથી કરવામાં આવેલા આગોતરા આયોજનને કારણે મુસાફરોને કોઈ પણ પ્રકારની અગવડ વિના આરામથી ટ્રેનોમાં રવાના કરવામાં આવ્યા છે. ગત રાતથી લઈને રવિવાર સવાર સુધીમાં જ ૧૨ થી ૧૩ હજાર મુસાફરોને વિશેષ ટ્રેનો મારફતે બિહાર, ઉત્તર પ્રદેશ અને બંગાળ તરફ મોકલવામાં આવ્યા છે.

ઉધના સ્ટેશન પર ભીડને સુચારુ રીતે નિયંત્રિત કરવા માટે પશ્ચિમ રેલવે દ્વારા માળખાકીય સુવિધાઓમાં નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા છે. ઉધના રેલવે સ્ટેશન પર જે પ્લેટફોર્મ નંબર ૬ અગાઉ અસ્તિત્વમાં જ નહોતું, તેને છેલ્લા એક વર્ષમાં હાઈ-લેવલ પ્લેટફોર્મ તરીકે છત સાથે તૈયાર કરી દેવામાં આવ્યું છે. આ પ્લેટફોર્મ કાર્યરત થતાં ઉધનાના પૂર્વ છેડેથી ટ્રેનોનું સંચાલન કરવું વધુ સરળ બન્યું છે. આ ઉપરાંત, દેશનો સૌથી મોટો ક્રાઉડ હોલ્ડિંગ એરિયા ઉધનામાં ઊભો કરાયો છે, જ્યાં હજારો લોકો બેસી શકે તેવી સુવિધા સાથે પંખા, પીવાનું પાણી, વીજળી અને શૌચાલયની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી છે.

મુસાફરોની સુવિધા માટે ગઈકાલે ૨૪ ઓક્ટોબર રાતથી સતત વિશેષ ટ્રેનો દોડાવવામાં આવી હતી. રાત્રે ૧૧.૩૦ વાગ્યે હસનપુર, દોઢ વાગ્યે મધુબની, સવારે ૫.૩૦ વાગ્યે જયનગર અને ૮.૩૦ વાગ્યે લોકપ્રિય અંત્યોદય એક્સપ્રેસ, ૧૦.૩૦ કલાકે તાપ્તીગંગા એક્સપ્રેસ ટ્રેન રવાના કરવામાં આવી હતી.

## ભરૂચ પોલીસ હેડક્વાર્ટરમાં અત્યાધુનિક હથિયારોનું પ્રદર્શન

# શસ્ત્રો સામસામે નિહાળી શકાશે, ૨૬ ઓક્ટોબર સુધી જાહેર જનતા માટે પ્રવેશ



**ભરૂચ-** ભરૂચ પોલીસ હેડક્વાર્ટરે સામાન્ય નાગરિકો, યુવાનો અને વિદ્યાર્થીઓ પોલીસ દળની આંતરિક કામગીરી તથા સુરક્ષા પ્રણાલીને નજીકથી સમજી શકે તે હેતુથી આજથી ૩ દિવસીય શસ્ત્ર પ્રદર્શન ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

આ વિશેષ પ્રદર્શન આગામી ૨૬ ઓક્ટોબર સુધી દરરોજ સવારે ૯:૩૦ થી સાંજે ૫:૩૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ઉપલબ્ધ રહેશે, સામાન્ય રીતે માત્ર ફિલ્મો કે સુરક્ષા કામગીરી વખતે જ જોવા મળતા અદ્યતન હથિયારો જેવા કે ઈનસાસ રાઈફલ, અત્યાધુનિક એકે ૪૭, સ્નાઈપર રાઈફલ અને સર્વિસ પિસ્તોલ સહિતના શસ્ત્રોને પ્રદર્શનમાં મૂકવામાં આવ્યા છે, જ્યાં ઉપસ્થિત પોલીસ કર્મચારીઓ દરેક હથિયારની ક્ષમતા, રેન્જ અને ઉપયોગ પદ્ધતિ અંગે વિગતવાર માહિતી પૂરી પાડી રહ્યા છે.

હથિયારો અને બોમ્બ ડિટેક્શન સહિતના સુરક્ષા સાધનોની સાથે સાથે પ્રદર્શન પરિસરમાં પોલીસ ડોગ સ્ક્વોડની કામગીરી અને હોર્સ રાઈડિંગનું નિદર્શન પણ રાખવામાં આવ્યું છે, જે મુલાકાતી વિદ્યાર્થીઓ અને પરિવારો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે. નાગરિકો અને ખાખી વચ્ચેનો સંકોચ દૂર કરી પરસ્પર વિશ્વાસ સુદૃઢ કરવાના આ પ્રયાસમાં નગરજનોને સપરિવાર જોડાવા જણાવવામાં આવ્યું છે, સાથે જ આગામી ૩૧ ઓક્ટોબરે રાષ્ટ્રીય એકતા દિવસના ઉપલક્ષ્યમાં યોજાનારી રન ફોર યુનિટી દોડમાં પણ ઉત્સાહભેર ભાગ લેવા અનુરોધ કરાયો છે.

# સુરતના કામરેજમાં ૧૨૫ કરોડના ઇસ્કોન મંદિરનો શિલાન્યાસ




કામરેજ- સુરતના કામરેજ તાલુકાના કોસમાડા ખાતે આશરે ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે ભવ્ય ઇસ્કોન મંદિર બનવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં આ મંદિરનો શિલાન્યાસ અને સત્કાર સમારોહ યોજાયો હતો.

આ પ્રસંગે સુરતના ઉદ્યોગપતિઓ, સામાજિક આગેવાનો અને ઇસ્કોન મંદિરના સંચાલકો હાજર રહ્યા હતા. આ સંકુલ ૩.૫૧ લાખ ચોરસ ફૂટના વિશાળ વિસ્તારમાં આકાર લેશે.

ઇસ્કોન મંદિરના અધ્યક્ષ મૂર્તિમાન દાસે જણાવ્યું કે આ સંકુલ ધાર્મિક અને સામાજિક કાર્યો પણ કરશે. અહીં રાધા-કૃષ્ણ, સીતારામ, ગૌરાંગ મહાપ્રભુ અને નિત્યાનંદ પ્રભુની મૂર્તિઓ સ્થાપિત કરાશે. પરિસરમાં વાનપ્રસ્થ આશ્રમ, સંસ્કૃત વિદ્યાલય, જરૂરિયાતમંદો માટે ભોજન અને મફત સારવાર માટે ક્લિનિક બનાવાશે.

પ્રજા પંખ
સત્યમેવ જયતે

પ્રજાપંખ
ગુજરાતી સાપ્તાહિક- સુરત

**આપનાં પરિવારનો સભ્ય એટલે પ્રજાપંખ અખબાર, જેમાં તરો તાજા સમાચાર સાથે રહો અપડેટ, ચાય કી ચુસ્કી સાથે પ્રજા પંખનાં ઉત્તમ વિચારશિલ લેખોના વાંચનથી તન-મન રહે સ્વસ્થ્ય, પ્રજા પંખમાં તટ્સ્થ, નિર્ભિક સેવાકિય સમાચારોને સ્થાન, પ્રજા પંખ એટલે સંપુર્ણ સ્વસ્થ્ય વર્ધક મજબુત વિચાર ધરાવતું લોકપ્રિય અખબાર. . . .**

આપ આપના આસપાસની સામાજિક, રાજકરણી, સાંસ્કુતિક કે ધાર્મિક પ્રોગ્રામ કે પછી અચાનક બનતી અન્ય ઘટનાઓની જાણ કરો, ઉપરાંત બર્થડે, બેસણું તેમજ તહેવારોમાં આપ આપની ધંધાકિય નાની - મોટી કે ટચુકડી જાહેરાત આપો તથા ઘર સુધી પ્રજાપંખ પેપર મેળવવા વોટ્સએપ પર જાણ કરો.

**ખાસ ચેતવણી :**

**લોકપ્રિય પ્રજાપંખ અખબાર દ્વારા કોઇ પણ વ્યક્તિ, સંસ્થા કે સંગઠનને ઓર્થોરાઇઝડ કે પ્રતિનિધિ તરીકે નિમણુંક આપેલ નથી, જેથી આપને ત્યાં કોઇ પણ વ્યક્તિ આવીને, પ્રજાપંખના નામથી જાહેરાત કે અન્ય કોઇ નાણાંકિય વ્યવહાર કરે તેની જવાબદારી પ્રજાપંખની રહેશે નહી, માટે આવા ઉપરોક્ત પ્રકારની ચર્ચા કોઇ કરે તો આપ પહેલા સીધા તંત્રી તથા મેનેજીંગ તંત્રી સાથે રુબરુ કે ટેલિફોનિક ચર્ચા કરી લેવી....**

Praja Pankh
prajapankh
YouTube prajapankh
99980 61470, 93747 20143
@prajapankh
prajapankh@gmail.com



સંપર્ક

મિતલ ભાવસાર- ૯૯૯૮૦૬૧૪૭૦
પ્રકાશ ભાવસાર- ૯૩૭૪૭૨૦૧૪૩

# સચીન ખાતે સિનિયર સિટીઝનોનો રંગારંગ કાર્યક્રમ યોજાયો

## સામાન્ય સભા, સ્નેહમિલન અને સુરમયી સફર ફિલ્મી સંગીતના સથવારે વડીલોએ માણ્યો આનંદનો અનોખો અવસર





**પ્રજા પંખ, સચીન-** તા. ૨૫/૧૦/૨૦૨૬, સચીન ખાતે રવિવારનો દિવસ વરિષ્ઠ નાગરિકો માટે આનંદ, ઉત્સાહ, સંગીત અને આત્મીયતાથી ભરપૂર બની રહ્યો હતો. સિનિયર સિટીઝન્સ વેલ્ફેર ટ્રસ્ટ, સચીન પરિવાર દ્વારા કનકપુર કોમ્યુનિટી હોલ ખાતે સામાન્ય સભા અને સ્નેહમિલન સાથે ભવ્ય રંગારંગ સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ફેમિલી ફિઝિશિયન એસોસિએશન, સુરતના સેવાભાવી પ્રોજેક્ટ બુઝુર્ગો કા હમસફર અંતર્ગત પ્રસ્તુત સુરમયી સફર કાર્યક્રમમાં લોકપ્રિય ફિલ્મી ગીતો, આરોગ્યજાગૃતિ અને સ્નેહસભર સંવાદનો સુંદર ત્રિવેણી સંગમ જોવા મળ્યો હતો. વડીલોએ સંગીતના સૂર સાથે તાળીઓ, ગરબા અને મનમુક્ત નૃત્ય કરીને કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો.

કાર્યક્રમની શરૂઆત લાલજી બારોટ દ્વારા પ્રસ્તુત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રસ્ટની સામાન્ય સભામાં ગત વર્ષની કામગીરીનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. આવક-જાવકના હિસાબો, આગામી પ્રવાસો તથા ભવિષ્યમાં યોજાનારા વિવિધ સેવાકીય અને સામાજિક કાર્યક્રમો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રમુખ બહાદુરસિંહ સોલંકીએ સ્વાગત પ્રવચન દ્વારા ઉપસ્થિત મહેમાનો અને વડીલોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સચીન પોલીસ સ્ટેશનનાં PSI સુનીતા સિંઘ તથા ઉદ્ઘાટક તરીકે ગુજરાત યોગ બોર્ડનાં કો-ઓર્ડિનેટર ડો. પારુલ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. તેમનું ટ્રસ્ટ પરિવાર દ્વારા સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રમુખ સહિત ટ્રસ્ટના હોદ્દેદારો દ્વારા ફેમિલી ફિઝિશિયન એસોસિએશન, સુરતના બુઝુર્ગો કા હમસફર પ્રોજેક્ટના આયોજકો, સેવાભાવી તબીબ ગાયક કલાકારો તથા ઉપસ્થિત સિનિયર સિટીઝનોનું પણ ઉષ્માભર્યું અભિવાદન કરવામાં આવ્યું હતું. સાથે જ સચીન વિસ્તારમાં વડીલો માટે સૂચિત નવા સિનિયર સિટીઝન ભવન ની સુવિધા ઉપલબ્ધ કરાવવા બદલ સ્થાનિક નગરસેવકો અને ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. પોલીસ અને યોગ દ્વારા સુરક્ષા તથા સ્વાસ્થ્યનો સંદેશ મુખ્ય મહેમાન PSI સુનીતા સિંઘે પોતાના સંબોધનમાં વડીલોને આશ્વાસન આપતાં જણાવ્યું હતું કે પોલીસ હંમેશાં નાગરિકોની સુરક્ષા માટે તેમની સાથે છે. કોઈપણ સમયે, ખાસ કરીને મોડી રાત્રે પણ કોઈ મુશ્કેલી કે તકલીફ ઊભી થાય તો નિ:સંકોચ સચીન પોલીસનો સંપર્ક કરી શકાય છે. પોલીસ આપની સુરક્ષા અને મદદ માટે હંમેશાં તત્પર છે. તેમના આ સંદેશને ઉપસ્થિત વડીલોએ આવકાર્યો હતો.

ઉદ્ઘાટક ડો. પારુલ પટેલે સ્વાસ્થ્ય જાળવવામાં યોગનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું હતું કે નિયમિત યોગાભ્યાસ દ્વારા શરીરને સ્વસ્થ રાખી શકાય છે અને અનેક રોગોથી બચી શકાય છે. જીવનના દરેક તબક્કે યોગને દૈનિક જીવનનો હિસ્સો બનાવવો જોઈએ. આ પ્રસંગે નવા યોગ ટ્રેનરોને યોગ પ્રશિક્ષક તરીકેના પ્રમાણપત્રોનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. બુઝુર્ગો કા હમસફર નો ૨૦૦ મો કાર્યક્રમ બન્યો યાદગાર કાર્યક્રમનું વિશેષ આકર્ષણ ફેમિલી ફિઝિશિયન એસોસિએશન, સુરતના સેવાભાવી પ્રોજેક્ટ બુઝુર્ગો કા હમસફર અંતર્ગત યોજાયેલો સુરમયી સફર સંગીતમય કાર્યક્રમ રહ્યો હતો. કાર્યક્રમના સંકલનકર્તા ડો. દીપક તોરાવાલાએ પ્રાસંગિક સંબોધનમાં કાર્યક્રમની રૂપરેખા રજૂ કરતાં જણાવ્યું હતું કે કનકપુર ખાતે યોજાયેલો આ કાર્યક્રમ બુઝુર્ગો કા હમસફર નો ૨૦૦ મો કાર્યક્રમ છે, જે સમગ્ર ટીમ માટે ગૌરવ અને આનંદની બાબત છે. સુરમયી સફર ના કલાકારોએ પોતાના મધુર કંઠ અને સંગીતની જાદુઈ રજૂઆતથી સમગ્ર વાતાવરણને સંગીતમય બનાવી દીધું હતું. ડો. જયેન્દ્ર કાપડિયા, પારુલ કાપડિયા, ડો. દીપક તોરાવાલા, ડો. જયેશ તમાકુવાલા, ઇલા તોરાવાલા, ડો.હરેશ ભાવસાર, ડો.સંજય શાહ સહિતના કલાકારોએ જૂનાં સુપરહિટ અને લોકપ્રિય ફિલ્મી ગીતોની એક પછી એક સુંદર રજૂઆતો કરી હતી. કાર્યક્રમમાં જશબ્દ સારથી તરીકે ડો. જયેન્દ્ર કાપડિયાએ પોતાની આગવી શૈલી, રમૂજી અંદાજ અને સુંદર શબ્દોની માળા દ્વારા ગીતો વચ્ચે શ્રોતાઓને સતત જકડી રાખ્યા હતા. કલાકારોની મધુર રજૂઆતથી વડીલો જાણે જૂની યાદોના સુવર્ણકાળમાં સરી પડ્યા હોય તેમ ગીતો સાથે ગણગણતા અને તાળીઓના ગડગડાટથી કલાકારોનો ઉત્સાહ વધારતા જોવા મળ્યા હતા. ખાસ ફરમાઈશ પર રજૂ થયેલાં ગુજરાતી ગીત દરમિયાન તો વડીલો પોતાની બેઠક છોડીને સ્ટેજની સામે આવી ગયા હતા અને ગરબા તથા નૃત્ય કરીને મન મૂકીને ઝૂમી ઊઠ્યા હતા. ઉંમરને માત્ર આંકડો સાબિત કરતાં વડીલોના ઉત્સાહ અને ઉમંગે સમગ્ર કાર્યક્રમમાં નવી ઊર્જા ભરી દીધી હતી. સંગીતની સાથે આરોગ્યજાગૃતિનો અનોખો પ્રયાસ આ કાર્યક્રમ માત્ર મનોરંજન પૂરતો સીમિત ન રહે તે હેતુથી ફેમિલી ફિઝિશિયન એસોસિએશનના તબીબો દ્વારા સિનિયર સિટીઝનોને ઉપયોગી બને તેવી આરોગ્યલક્ષી માહિતી પણ આપવામાં આવી હતી. પેશાબ સંબંધિત સમસ્યાઓ, ડાયાબિટીસ, આંખોની સંભાળ, નાક, કાન અને ગળાના રોગો સહિત વડીલોને સામાન્ય રીતે નડતી સ્વાસ્થ્ય સમસ્યાઓ અંગે તબીબોએ સરળ અને સમજાય તેવી ભાષામાં માર્ગદર્શન આપ્યું હતું.

આમ, સંગીતના મનોરંજનની સાથે આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવવાનો પણ પ્રશંસનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. આશરે ત્રણ કલાક સુધી ચાલેલા આ કાર્યક્રમ દરમિયાન શ્રોતાઓની ઉત્સુકતા અને ઉત્સાહ જળવાઈ રહ્યો હતો. એકપણ શ્રોતા પોતાની બેઠક છોડવા તૈયાર નહોતો, જે કાર્યક્રમની લોકપ્રિયતા અને કલાકારોની રજૂઆતની સફળતાનું જીવંત ઉદાહરણ બની રહ્યું હતું.

**વડીલોની ખુશી, આત્મીયતા અને સકારાત્મક જીવનશૈલીનો સંદેશ-** કનકપુર કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલો આ કાર્યક્રમ માત્ર એક સંગીતમય મનોરંજનનો પ્રસંગ ન બની રહેતાં સિનિયર સિટીઝનો માટે આનંદ, આરોગ્ય, આત્મીયતા અને સામાજિક એકતાનો સુંદર ઉત્સવ બની રહ્યો હતો.

આજના સમયમાં વડીલોને એકલતા અને નિરસતાથી દૂર રાખી તેમને સમાજના મુખ્ય પ્રવાહ સાથે જોડવા, તેમની પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને જીવનના ઉત્તરાર્ધમાં પણ આનંદપૂર્વક જીવવાની પ્રેરણા આપવા માટે બુઝુર્ગો કા હમસફર જેવી પહેલ ખરેખર સરાહનીય છે. સિનિયર સિટીઝન્સ વેલ્ફેર ટ્રસ્ટ, સચીન અને ફેમિલી ફિઝિશિયન એસોસિએશન, સુરતના સંયુક્ત પ્રયાસે યોજાયેલો આ કાર્યક્રમ વડીલોના ચહેરા પર સ્મિત અને હૃદયમાં ખુશીની યાદો છોડી ગયો હતો. કાર્યક્રમનો મુખ્ય સંદેશ પણ એ જ રહ્યો કે ઉંમર વધે તેમ જીવનનો ઉત્સાહ ઘટવો જોઈએ નહીં; સંગીત, સ્નેહ, સ્વાસ્થ્ય અને સકારાત્મક વિચારો સાથે જીવનનો દરેક દિવસ ઉત્સવ બની શકે છે.

# કનકપુર ખાતે યોગ ટ્રેનર સર્ટિફિકેટ વિતરણ કરાયા

## ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તાલીમબદ્ધ યોગ પ્રશિક્ષકોનું પ્રમાણપત્ર આપી સન્માન

### સચિનમાં ૩૦ યોગ કેન્દ્રો દ્વારા યોગનો વ્યાપ વધારવાના પ્રયાસોને બિરદાવાયા






**સચિન, પ્રજાપંખ દ્વારા :** સુરતના સચિન-કનકપુર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનર સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમનું સુંદર આયોજન સિટીઝન વેલ્ફર કલબ અંતર્ગત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોગ ક્ષેત્રે તાલીમ પ્રાપ્ત કરી સફળતાપૂર્વક યોગ પ્રશિક્ષણ પૂર્ણ કરનાર તાલીમાર્થીઓને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સચિન પોલીસ સ્ટેશનનાં PSI સુનિતા સિંહ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડનાં સુરત કો-ઓર્ડિનેટર ડો. પારુલ પટેલ, સિનિયર સિટીઝન્સ વેલ્ફેર ટ્રસ્ટના પ્રમુખ બહાદુરસિંહ સોલંકી, યોગ મેન્ટર પ્રકાશ ભાવસાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડો. પારુલ પટેલ, યોગ કોચ સુરેશ ચૌહાણ તથા RCC ચેરમેન અને યોગ મેન્ટર પ્રકાશ ભાવસાર દ્વારા ચાલતા સચિન વિસ્તારમાં યોગ પ્રવૃત્તિના વિસ્તરણ અંગે ડો.પારુલે માહિતી આપતાં જણાવ્યું હતું કે, યોગ માત્ર શારીરિક કસરત નથી, પરંતુ શારીરિક સ્વાસ્થ્ય, માનસિક શાંતિ, એકાગ્રતા અને સકારાત્મક જીવનશૈલીનું મહત્વપૂર્ણ માધ્યમ છે. નિયમિત યોગાભ્યાસથી અનેક લોકોના જીવનમાં સારા પરિવર્તનો આવી રહ્યા છે. સચિન વિસ્તારમાં છેલ્લા અનેક વર્ષોથી આશરે ૩૦ સ્થળોએ નિયમિત યોગ વર્ગોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ગોનું સંચાલન સવાર અને સાંજના સમયે યોગ ટ્રેનરો દ્વારા કરવામાં આવે છે. ખાસ નોંધનીય બાબત એ છે કે લાજપોર સેન્ટ્રલ જેલ ખાતે પણ ત્રણ યોગ વર્ગો કાર્યરત છે, જેના માધ્યમથી કેદીઓમાં સ્વાસ્થ્ય જાગૃતિ, માનસિક સંતુલન અને સકારાત્મક વિચારધારાને પ્રોત્સાહન આપવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ ઉપરાંત ઉનાળુ વેકેશન દરમિયાન બાળકોમાં નાનપણથી જ યોગ પ્રત્યે રુચિ કેળવાય અને તેઓ સ્વસ્થ જીવનશૈલી અપનાવે તેવા હેતુથી વિશેષ સમર યોગ કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે.

કાર્યક્રમમાં યોગ ક્ષેત્રે તાલીમ પૂર્ણ કરી પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર પ્રશિક્ષકોમાં પ્રકાશ મોર્યા, કોમલબેન ઠુમ્મર, પુનિતાબેન અકબરી, રત્નાબેન મોર્યા અને પિંકી પટેલનો સમાવેશ થાય છે. તમામ તાલીમાર્થીઓને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી તેમની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી. હવે તેવો પણ પોતાના મોહલ્લામાં યોગ વર્ગ શરુ કરશે.

યોગના માધ્યમથી સ્વસ્થ સમાજનું નિર્માણ થાય, વધુમાં વધુ નાગરિકો યોગ સાથે જોડાય અને તાલીમબદ્ધ યોગ પ્રશિક્ષકો દ્વારા યોગનો સંદેશ ઘર-ઘર સુધી પહોંચે તેવા ઉમદા સંકલ્પ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# વોટર સ્પોર્ટ્સ સાથે ડિસેમ્બરમાં સુવાલીમાં બીચ ફેસ્ટિવલ યોજાશે

## ધારાસભ્ય સંદીપ દેસાઈની રજૂઆતને પગલે પ્રવાસન વિભાગે ૭૦ લાખનું બજેટ ફાળવ્યું

## બીચ સુધી જવા માટે લાઈટ્સ અને હાઈમાસ્ટ ટાવર સાથે ૧૦ મીટર પહોળો રોડ બનાવાશે




**પ્રજાપંખ, સુરતઃ** ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરતને પ્રવાસન ક્ષેત્રે નવી ઓળખ અપાવવાના પ્રયાસોના ભાગરૂપે હજીરા સ્થિત સુવાલી બીચ પર સતત ચોથા વર્ષે 'સુવાલી બીચ ફેસ્ટિવલ ૪.૦' યોજાશે. ડિસેમ્બરના બીજા પખવાડિયામાં યોજાનારા આ મહોત્સવ માટે રાજ્ય સરકારે રૂપિયા ૭૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરી છે. ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સમક્ષ કરેલી રજૂઆતને પગલે પ્રવાસન વિભાગ દ્વારા બજેટની ફાળવણી કરવામાં આવી છે. ત્રણ દિવસીય મહોત્સવને સફળ બનાવવા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.

### આ વર્ષે ક્યાં ક્યાં આકર્ષણો જોવા મળશે

- ફૂડકોર્ટ, હસ્તકલા અને ક્રાફ્ટના સ્ટોલ
- સેલ્ફી પોઈન્ટ, ઊંટ-ઘોડાની સવારી, ટ્રોય ટ્રેન અને બાઈક રાઈડિંગ
- વોટર સ્પોર્ટ્સ, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં જાણીતા કલાકારો દ્વારા સંગીતની રમઝટ
- ગયા વર્ષે ભૂમિ ત્રિવેદી, આ વર્ષે કિર્તીદાન ગઢવી આવશે

### અડાજણ ડેપો સહિતનાં સ્થળોથી બસની વ્યવસ્થા, પાર્કિંગ ઝોન બનાવાશે

**મહાનગરપાલિકા દ્વારા અડાજણ ડેપો સહિતના સ્થળોથી સુવાલી બીચ સુધી સિટી બસની વ્યવસ્થા કરાશે, વિશાળ પાર્કિંગ ઝોન ઊભો કરવાની સાથે રસ્તા પર રિફ્લેક્ટર લગાવવા અને ડિવાઈડરનું સુશોભન કરવાની કામગીરી પણ ચાલી રહી છે.**

# ઐતિહાસિક ધરોહર અને અથાક આસ્થાનું પવિત્ર કેન્દ્રઃ સચિન સ્થિત શ્રી ફુલબાઈ માતાજી મંદિરનો ૧૪ મો વાર્ષિક ઉત્સવ ધામધૂમથી સંપન્ન



**પ્રજાપંખ-સચિન, સુરત -** શ્રી ફુલબાઈ માતાજીની અસીમ કૃપા અને અખંડ દિવ્ય ચેતનાના પ્રતીક સમું સચિન ગામનું પ્રખ્યાત શ્રી ફુલબાઈ માતાજી મંદિર ભાવિક ભક્તો માટે આસ્થાનું શિરોમણિ કેન્દ્ર બની રહ્યું છે. જગતજનની શ્રી ફુલબાઈ માતાજી મંદિરના પાટોત્સવની ૧૪મી સાલગીરી નિમિત્તે ચૌદમા મહોત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન વિક્રમ સંવત ૨૦૮૨, આસો સુદ પૂનમ (શરદ પૂનમ), સોમવાર તા. ૨૬-૧૦-૨૦૨૬ ના પવિત્ર દિને અતિ હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં ઉજવવામાં આવ્યું હતું.

આ મંગલકારી પ્રસંગે મંદિર પરિસરમાં દિવ્ય 'નવચંડી યજ્ઞ' નું ભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે નવચંડી જપ-હવનનો પ્રારંભ સવારે ૦૭:૦૦ કલાકે થયો હતો, અને વૈદિક મંત્રોચ્ચાર તથા હોમ-હવન સાથે સાંજે ૦૪:૦૦ કલાકે પૂર્ણાહૂતિ યોજાઈ હતી. યજ્ઞના પવિત્ર દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે વહેલી સવારથી જ ભક્તોનું ભવ્ય મહેરામણ ઉમટી પડ્યું હતું. પાટોત્સવના આ મહોત્સવ નિમિત્તે દર વર્ષની પરંપરા મુજબ 'મહાપ્રસાદી' (વિશાળ ભંડારા) નું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨:૦૦ કલાકેથી શરૂ થયેલા આ મહાપ્રસાદનો લાભ આ લખાય છે ત્યાં સુધીમાં ૧૫૦૦ થી વધુ અન્નક્ષેત્ર પ્રેમી ભાવિક ભક્તોએ લીધો હતો, તેમ અગ્રણી શ્રી મહેશભાઈ પટેલે જણાવ્યું હતું.

સચિન ગામના સ્થાપના કાળથી જ અહીં એક નાની ડેલી સ્વરૂપે માં ફુલબાઈનું પવિત્ર સ્થાનક વિદ્યમાન હતું. કાળક્રમે સમસ્ત સચિનવાસીઓ અને માઈભક્તોના ભગીરથ પ્રયાસોથી આજે શ્રી ફુલબાઈ માતાનો ટેકરો, ગાયત્રી સોસાયટીની બાજુમાં, સ્ટેશન રોડ, સચિન (સુરત) ખાતે નયનરમ્ય અને ભવ્ય મંદિર આકાર પામ્યું છે. અહીં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માાજીના ચરણોમાં સીસ નમાવી મનોકામના પૂર્ણ કરવા પ્રાર્થના કરે છે.

માતાજીની દિવ્ય કૃપાથી ભક્તોના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો પ્રકાશ પથરાય છે. મનોરથ સિદ્ધ થતાં ભક્તો અત્યંત શ્રદ્ધા અને આનંદપૂર્વક પોતાની માનતા-બાધા પૂર્ણ કરે છે. ખરેખર, શ્રી ફુલબાઈ માતાજીનું આ ધામ સમગ્ર સચિન અને આસપાસના વિસ્તાર માટે આસ્થા, સંસ્કાર અને સાંસ્કૃતિક ધરોહરનું અમીર પ્રતીક બની ગયું છે.

OWNER, PUBLISHER, PRINTER & EDITOR- MITALKUMAR PRAKASHBHAI BHAVSAR. PRINTED BY- UNNATI PRINTERS, -29 NATIONAL IND. SOC., OLD UNN NAKA, SURAT-NAVASARI MAIN ROAD, SURAT-394210 PUBLISHED AT -971, ADARSH NAGAR SOCIETY, KANAKPUR, G.H.BOARD, SACHIN. SURAT. (GUJARAT)-394230